જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૫૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૪	૦	૧૧૫૧૪	૧૭૬૩૩	૦	૧૭૬૩૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૦	૦	૯૦	૩૧૭	૦	૩૧૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૫૪૨૫	૩૨૬	૫૫૭૫૧	૫૬૦૫૩	૩૨૭	૫૬૩૮૦
કુલ		૭૧૭૩૭	૩૨૬	૭૨૦૬૩	૮૦૨૪૬	૩૨૭	૮૦૫૭૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૧	૨,૨૨,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૬૧	૧૮,૬૧,૦૦૦/-

પી.સી.બી. (૧)

માધવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૨ ઈસમોને કુલ રૂપિયા ૧૯,૧૨૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ આપેલ સુચના અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૨.૬.૨૧ ના રોજ સ્ટાફના અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ, તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો રાજેન્દ્રસિહ જીવતસિંહ નાઓને સંયુકતરીતે મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે લાભશંકર ની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા અમદાવાદ ખાતે જાહેરમા આરોપીઓ દિલાવર અલીભાઈ મિયાણા રહે.લાભશંકરની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા અમદાવાદ તથા અન્ય ૧ આરોપીઓ મળી કુલ્લે ૨ આરોપીઓને બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટિંગનો આંક લખી નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૧૧,૬૪૦/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૧૯,૧૨૦/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી માધવપુરા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૧૦૨૧૦૯૯૦/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) દિલાવર અલીભાઈ મિયાણા રહે.લાભશંકરની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા અમદાવાદ

(૨) અલીભાઈ અહેમદભાઈ મિયાણા રહે. .લાભશંકરની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા અમદાવાદ

ગુનાની જગ્યા : લાભશંકર ની ચાલી દુધેશ્વર રોડ માધવપુરા અમદાવાદ ખાતે જાહેરમા

પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાંણા રૂ.૧૧,૬૨૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૨ કિંમત રૂ.૭૫૦૦/ (૩) સટ્ટાના આંક લખેલ કાગળ નંગ ૧ કિ.૦૦/ (૪) બોલપેન નગ ૧કિ.૦૦/ (૫) પેડ નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે રૂ.૧૯,૧૨૦/- ની મત્તાનો મુદ્દામાલ





પી.સી.બી. (૨)

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જુગાર રમતા ૦૫ ઈસમોને કુલ રૂપિયા ૪૬,૫૯૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ આપેલ સુચના અનુસંધાને પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૩.૬.૨૧ ના રોજ સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી રાજેશ પ્રકાશભાઈ બાટુંગે(છારા) ના રહેણાક મકાન અર્જુનનગર સોસાયટી હનુમાનજીના મંદિર પાસે છારાનગર સરદારનગર અમદાવાદ ના ઘરના ઉપરના માળે આવેલ ખુલ્લી જગ્યામા કુલ્લે ૫ આરોપીઓને તીન પત્તી ઉપર નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૨૮,૦૯૧/ તથા જુગારના સાધનો મળી કુલ્લે રૂ.૪૬,૫૯૦/ ના મુદામાલ સાથે પકડી લઈ તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૦૨૧૧૬૯૮/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(૧) રાજેશ પ્રકાશભાઈ બાટુંગે(છારા) રહે.અર્જુનનગર સોસાયટી હનુમાનજીના મંદિર પાસે છારાનગર અમદાવાદ શહેર

(૨) તન્મય વિકાશભાઈ ઈન્દ્રેકર(છારા) રહે.ઘ.ન.૪૩૫, ફી કોલોની કુબેરનગર અમદાવાદ

(૩) અમીત બહાદુરસિંગ બજરંગી મ.ન.૨૬ ફી કોલોની કોલોની કુબેરનગર અમદાવાદ

(૪) પ્રશાંત રાજેશભાઈ બાટુંગે રહે. સિંગલ ચાલી કુબેરનગર છારાનગર અમદાવાદ

(૫) રાજુભાઈ હરીભાઈ તમાઈચે રહે.સિંગલચાલી કુબેરનગર છારાનગર અમદાવાદ

વોન્ટેડ: બે અજાણ્યા ઈસમો

ગુનાની જગ્યા : આરોપી રાજેશ પ્રકાશભાઈ બાટુંગે(છારા) ના રહેણાક મકાન અર્જુનનગર સોસાયટી હનુમાનજીના મંદિર પાસે છારાનગર સરદારનગર અમદાવાદ ના ઘરના ઉપરના માળે આવેલ ખુલ્લી જગ્યામા

પકડાયેલ મુદામાલ : (૧) રોકડા નાંણા રૂ.૨૮,૦૯૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૪ કિંમત રૂ.૧૮,૫૦૦/ (૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.૦૦ (૪)પ્લાસ્ટીકની ચટાઈ નંગ ૧ કિ.૦૦ મળી કુલ્લે રૂ.૪૬,૫૯૦/- ની મત્તાનો મુદ્દામાલ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૧**

શહેરકોટડાઃ નિતિન રમણભાઇ સોલંકી (રહે. અશોકમીલની નવી ચાલી અશોકમીલ સામે નરોડા રોડ) એ તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૧૨/૦૬/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં તેમજ સાહેદના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૫ કિમત રૂપિયા ૫૮,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૦૫૯/૨૦૨૧**

શાહીબાગઃ ઇલાબહેન વા/ઓ પ્રવિણભાઇ પરમાર (ઉ.વ.૪૭) (રહે. આર્યોદય જીનીંગ મીલની નવી ચાલી વિશ્વ વિધ્યાલયની બાજુમાં અસારવા) તા.૧૧/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે બળીયા લીમડી પાસે આવેલ પેટ્રોલ પંપની બાજુમાં, ડી/૭ ના દવાખાના આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઈલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઈલાબહેન પરમારે તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

દાણીલીમડાઃ લલીતાબહેન વા/ઓ જેઠાભાઇ પરમાર (ઉ.વ.૬૦) (રહે. બ્લોક નંબર ૧૩/મ.નં ૫ સરદારબ્રીજ જમાલપુર હેલ્થ સ્ટાફ કવાટર્સ ફુલબજાર જમાલપુર) તા.૧૩/૦૬/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા એવરગ્રીન હોટલ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ ત્રણ પુરૂષ લલીતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લલીતાબહેન પરમારે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૬૦/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ દેવેન્દ્ર રમેશભાઈ બગડા (ઉ.વ.૨૬) (રહે. ઉદય મહેનતપુરા આંબેડકર કોલોની ભુદરપુરા રોડ આંબાવાડી એલીસબ્રિજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ પાસે રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રોવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

દરીયાપુરઃ અમીરૂનીશા વા/ઓ મો.ઈલીયાસ શેખ (ઉ.વ.૪૮) (રહે. પઠાણવાડા ગેબનસઈદ દરગાહ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને જી.સી.એસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.રઇસ ચલાવે છે.

ઓઢવઃ વિનોદભાઇ મફાભાઇ પરમાર (ઉ.વ.૩૭) (રહે. નેમીનાથ પાર્ક સોસાયટી કરશનનગર સ્કુલ પાસે ઓઢવ) એ અગમ્યા કારણસર તા.૧૩/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી